જા.નં.મકમ/પરચ/૧૮-૧૯/૩૧૬૦
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬,
ડો. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૫/૨૦૧૮

सत्यमेव जयते

# પરિપત્ર

વિષય- આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે,સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિવર્ષ ૨૦ જૂન ને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું નક્કી થયેલ છે.જે અન્વયે રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક એસએજી-૧૦૨૦૧૮-ભા.સ-૮-બ આ સાથે સામેલ કરેલ છે.જે અન્વયે ઠરાવમાં દર્શાવ્યા મુજબ તે દિવસે વિરાટ અને વિસ્તૃત રીતે દરેક ગામમાં અને શહેરમાં વિવિધ સ્થળે યોગ કાર્યક્રમનું આયોજન કરવા જણાવવામાં આવે છે.તથા થયેલ કાર્યક્રમની વિગતો સીડી દ્વારા અત્રે મોકલી આપવાની રહેશે.આ બાબતને ટોચ અગ્રતા આપવા જણાવવામાં આવે છે.

બીડાણ- ઉપર મુજબ
(પત્રની નકલ ઈ-મેલ દ્વારા મેળવી લેવાની રહેશે)

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે</u> –

૧.સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,જીલ્લા સમાજ સુરક્ષાની કચેરી તરફ યોગ્ય કાર્યવાહી અર્થે.

૨.દરેક સરકારી સંસ્થા/કચેરી તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.

ક્રમાંક:પરચ/૧૨૨૦૧૮/ ૨૯૬૭૪૫/ચ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા:૨૧/૦૫/૨૦૧૮

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,જૂના સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ,જૂના સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.

વિષય: આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે

શ્રીમાન ,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૧૫/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: એસએજી-૧૦૨૦૧૮-ભા.સ.-૮-બ બિડાણ સહિત સામેલ છે. જે અન્વએ ભારત સરકારે પ્રતિ વર્ષ ૨૧ જુન ને " વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયું છે. આ સંદર્ભે આપશ્રીના પ્રભાગ દ્વારા પુરતો સહયોગ મળી રહે અને જરૂરી આગોતરૂ આયોજન કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ અંગે આપના આવકારદાયક સુચનો રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા નોડલ ઓફિસરને મોકલી આપવા વિનંતી છે.

નિયામક, સમાજ સુરક્ષા ગુ. રા. ગાંધીનગર
આવક રજી. નં. ૧૨૩૮
તારીખ: 28 MAY 2018
શાખા:
કચેરી અધિક્ષક ઈનવર્ડ કલાર્ક

આપનો વિશ્વાસુ,

( આર. એન.પ્રજાપતિ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ:ઉપર મુજબ

વી.પી.પટેલ આઈ.એ.એસ.
સચિવ

ક્રમાંક. અેસ્ટાએજી-૧૦૨૦૧૮-ભા.સા.-૮-બ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૨, આઠમો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

સત્યમેવ જયતે

15 MAY 2018

તાત્કાલિક

પ્રતિ,

સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી,

(સર્વે વિભાગો)

સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે.

તા.૨૧મી જુન- ૨૦૧૮.

સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિધાને વૈશ્વિક વિરાસતમા આમેજ કરવામાં આવેલ છે. તદનુસાર પ્રતિવર્ષ ૨૧ જૂન ને વિશ્વયોગ દિવસ તરીકે ઉજવવાનુ સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર કરાયુ છે. ભારત સરકારે યોગ વિધાની મૂળભૂમિ એવા આ રાષ્ટ્રમાં આ સંદર્ભે આ દિવસે વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમ કરી ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે પણ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.

તદ્દનુસાર છેલ્લા ત્રણ વર્ષથી તા.૨૧/૦૬/૨૦૧૫, તા.૨૧/૦૬/૨૦૧૬ અને ૨૧/૦૬/૨૦૧૭ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યભરમાં સફળતા પૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સરકારશ્રીના જુદા જુદા સંબંધિત વિભાગોએ પુરતો સાથ સહકાર આપેલ હતો. આ જ પ્રમાણે આગામી ૨૧ મી જુન ૨૦૧૮ના રોજ ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજ્યભરમાં કરવાની થાય છે. આ ઉજવણીમાં પણ દર વર્ષની જેમ રાજ્યભરમાં અતિ ઉત્સાહપૂર્વક અને મોટી સંખ્યામાં લોકો ભાગ લઇ શકે તેવી સરકારશ્રીની નેમ છે.

આ અંગે કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિને નોડલ ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

સમગ્ર રાજ્યમાં આયોજનબધ્ધ રીતે તા. ૨૧મી જુન ૨૦૧૮ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થાય, આ કાર્યક્રમમાં વધારેને વધારે લોકો, સંસ્થાઓ/સ્વૈચ્છીક સંસ્થાઓ, શાળા-કોલેજો જોડાય અને ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભવ્ય અને સફળતા પૂર્વક થાય તે માટે આપશ્રીના વિભાગ દ્વારા પુરતો સહયોગ મળી રહે અને જરૂરી આગોતરૂ આયોજન કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ અંગે આપના આવકારદાયક સુચનો આ વિભાગને તથા નોડલ ઓફીસરને મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વી.પી.પટેલ)

સચિવ,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

નકલ રવાનાઃ-

૧. શ્રી પી.ડી.વાઘેલા (આઇએએસ)વેચાણ વેરા કમિશ્નરશ્રી, અમદાવાદ

૨. શ્રી ટી.પી.સિંઘ, નિયામકશ્રી, બાયસેગ, ગાંધીનગર



ફોન : ૦૭૯-૨૩૨ ૫૧૩૭૧, ૨૩૨ ૫૧૩૭૩, ૨૩૨ ૫૧૩૭૪ ફેક્સ : ૦૭૯-૨૩૨૫૨૯૯૫
E-mail : secsyc@gujarat.gov.in